પાલનપુરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા

કાર્બોઈડથી પકવેલી કેરીઓના ગોડાઉન પર તપાસના દરોડા : બિન આરોગ્યપ્રદ કેરીનો નાશ કરાયો

સરકારી બાબુઓ તપાસ દરમિયાન નાટક ભજવતા કામગીરી શંકાસ્પદ નજરે પડી હતી

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન વિભાગની ટીમને જેથી છેલ્લા બે માસથી જિલ્લામાં તપાસની કામગીરી શૂન્ય રહી છે. જેનો ગેરફાયદો ઉઠાવી પાલનપુર સહિતના સેન્ટરોમાં કેટલાક વેપારીઓ કાર્બાઈડથી પકવેલી કેરીઓ લોકોને પધરાવી તેમના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરી રાા છે. આ સ્થિતિનો કેટલાક વેપારીઓ ગેરલાભ ઉઠાવી રાા છે. જેમાં ખેડૂતો પાસેથી કાચી કેરીઓ ખરીદતા વેપારીઓ નફો રળવાની લ્હાયમાં કાર્બાઈડથી કેરીઓ પકવી બિન્દાસ્ત રીતે -જાને પધરાવી રાા છે. કેરીના એક કેરેટમાં વેપારીઓ કાર્બાઈટના સાતથી આઠ પડીકાઓ મુકે છે. બે દિવસ પેકીંગ રાખી ત્રીજા દિવસે ખોલવામાં આવે તે સમયે કેરી પાકી ગયા બાદ રીટેલ વેપારીઓને વેચવામાં આવે છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સ્થિતિથી અજાણ -જાજનો પણ આ કેરીઓ હોંશે હોંશે ખાઇને અનેક ગંભીર બીમારીઓને આમંત્રણ આપી રાા છે. ત્યારે પાલનપુર માં કુંભકર્ણ ની નિદ્રા ત્યેઢી રહેલું ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કાર્બાઈડથી પકવતા કેરીઓના વેપારી ના ગોડાઉન પર ઓચિંતી રેડ પડી હતી અને કાર્બાઈડ કેરીઓનો નાશ કરવામાં આવ્યો હતો પાલનપુર શહેર માં ૧૦૦ થી વધુ કેરીઓના ગોડાઉન છે જો કે માત્ર નાટક કરવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ શહેરની એક બે ગોડાઉન પર તપાસ કરવામાં આવી હતી જેમો ૯૦ થી વધુ કેસર કેરીની પેટી માં કાર્બાઈડ ના પાઉચ જોવા મળતા તમામ જથો નાશ કરવાના બદલે માત્ર દેખાવ માટે અમુખ કાર્બાઈડથી પકવેલ કેરીઓ જથો નાશ કરી દેખાવ માટે કામગીરી કરતા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ની કામગીરી શંકાસ્પદ જોવા મળી હતી.

પ્રાંતિજ ક્ષત્રિય સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ખાતે પ્રાંતિજ ક્ષત્રિય સમાજનો વીસમો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૬૧ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. ક્ષત્રિય સમાજ આયોજીત આ સમુહ લગ્નોત્સવમાં ક્ષત્રિય સમાજના અગ્રણી શંકરસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ બારૈયા, વી.ડી. ઝાલા, કે.કે. મકવાણા, જેહુસિંહ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા અને લગ્નગ્રંથીથી જોડાયેલા નવ દંપતિને આશીર્વચન આપ્યા હતા.

દૂધમાં ભાવવધારાનું ભટોળનું પગલુ ભાજપના મોંઘવારી ઘટાડવાની નીતિની મજાક સમાન : આપ વિરોધ નોંધાવશે

પાલનપુર, તા. ૯

વિશ્વનું હિત, હિન્દુસ્તાનનું હિત, ગુજરાતનું હિત, ભારતીયોનું હિત, પશુ-પક્ષી, પર્યાવરણ સૌનું હિત એટલે કે કલ્યાણ થાય તે સારૂ છે. પરંતુ હિતમાં સૌનું પસસ્પર સંતુલન જળવાય તે જરૂરી છે. ભારત ખેતીપ્રધાન દેશ છે. એટલે ખેડૂતોનું હિત જોવાય, જળવાય, તેમનો ખ્યાલ રખાય તે જરૂરી છે. પરંતુ ખેડૂતોના હિતરક્ષકના દાવેદાર ગણી શકાય તેવા પરથીભાઈ ભટોળે ખૂબજ ચતુરાઈપૂર્વક થોડા દિવસો અગાઉ જ દૂધ ઉત્પાદક ખેડૂતોના હિતમાં દૂધના ફેટના ભાવમાં વધારો કરી દીધો અને ખેડૂતો ખુશ થયા...!!!

પરંતુ આ પછી બે ચાર દિવસે તેમણે દૂધની થેલીના ભાવમાં રૂપિયા ૨ નો વધારો પામર, પાયમાલ પ્રજા પર પ્રેમથી ઝીંકી દીધો...!!! પરથીભાઈ જાણે છે ભારતના નાગરિકો પોતાના હકની લડાઈ માટે અન્યાય સામે લડવાનું જ ભુલી ગયા છે..!!! આ દેશમાં રાજકારણીઓ, અધિકારીઓ, સરકારી નોકરશાહી, વળી ઉદ્યોગપતિઓ સહકારી સંસ્થાના નામે લૂંટ ચલાવતા ચેરમેનો, મેનેજરો વગેરે લોકોની અશોક્ત, અજ્ઞાન, સ્વાર્થ ભય અને નમાલાપણાનો ગેરલાભ ઉઠાવતા જ રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ બનાસ ડેરીના ચેરમેન પરથી ભટોળે તાજેતરમાં દૂધ ઉત્પાદક પશુપાલક ખેડૂતોના હિતના બહાને દૂધની થેલી પર બે રૂપિયાનો ભાવ વધારો ઝીંકીને ખાનગી ક્ષેત્રે નોકરી ધંધા કરતા તથા ગરીબ મધ્યમ વર્ગમાં લોકોની મોદી બ્રાન્ડ ચા ને કડવી ઝેર બનાવી દીધી છે. પરથીભાઈના રાજમાં સ્થાનિક પાલનપુર લેવલે તથા અન્ય રાજ્યોમાં દૂધ એક જ ભાવે વેચાય છે. જે નવાઈની વાત છે.

સ્થાનિક રાજકીય પંડિતોના મત પ્રમાણે આમ એકાએક જ ચૂંટણીના પરિણામો પહેલા દૂધમાં ભાવવધારો કરી ભટોળે આડકતરી રીતે સખત મોંઘવારીની આગમાં ઘી હોમવાનુ કામ કર્યુંછે. નમો જ્યારે આગામી સમયમાં વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે ભટોળનું આ પગલુ નમોની મોંઘવારી ઘટાડવાની યોજનાને ફટકો પહોંચાડશે... ગુજરાતના આદર્શ વિકાસ અને કલ્યાણના મોડેલમાં મોંઘવારીની આગમાં ઘી હોમીને ભડકો શી રીતે કરવો એવુ માર્ગદર્શન પરથીભાઈનું આ ભાવ વધારાનું પરાક્રમ દેશને પુરૂ પાડશે. ઉનાળામાં ઘાસચારાના નામે ભાવવધારો કરી દેનારા ભટોળ ભગવાન નથી કે કહી દે કે આગામી ચોમાસુ સારૂ નીવડશે...!!! ન કરે નારાયણ અને ચોમાસુ બગડ્યુ તો ભટોળ ફરી નવા બહાને દૂધની થેલીના ભાવ વધારી અડધી સેન્ચુરી ૫૦ રૂપિયા પબ્લિક પર ફટકારી જ દેશે. ભટોળના આ પગલા સામે આમ આદમી પાર્ટી વિરોધી પ્રદર્શન કરતા સજ્જ થતી હોવાના અહેવાલ છે.

ઓરણમાં ત્રિ-દિવસીય બાબા રામદેવ પીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

તાલુકાના ઓરણ ગામે ત્રિ-દિવસીય બાબા રામદેવ પીરના નવીન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં ગામ ભક્તિમય બની ગયું હતું. સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના ઓરણ ગામમાં બાબા રામદેવપીરનું નવિન મંદિર નિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરમાં બાર બીજના ધણી બાબા રામદેવ પીરની મૂર્તિઓનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગામના ૧૭ યજમાનો યજ્ઞમંડપમાં બેઠા હતા. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં બાબા રામદેવપીરની મૂર્તિઓની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ગામના મુસ્લિમ પરિવારો પણ જોડાતા કોમી એખલાસનું વાતાવરણ સર્જાયુ હતુ. મુસ્લિમ પરિવારોએ ત્રણ દિવસ સુધી પોતાની સેવાઓ આપી હતી. તેમજ આજરોજ રણુજાવાળા દેવ રામાપીરની ધાર્મિક વિધિ અને મંત્રોચ્ચાર સાથે પ્રાણ પુરવામાં આવશે. (તસવીર : સંજય રાવ, પ્રાંતિજ)

ઊંઝામાં દુકાનદારો ગ્રાહકોને ખરીદીના પાકા બિલ ન આપતા બુમરાણ

ઊંઝા, તા. ૮

ઊંઝા શહેરમાં વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરતા મોટાભાગના દુકાનદારો ગ્રાહકોને ખરીદીના પાકા બિલો નહી આપીને ગ્રાહકોના અધિકાર પર તરાપ મારી રહ્યા હોવાની બૂમરાણ ઉઠી છે.

ઊંઝા શહેરમાં કરીયાણા, લોખંડ હાર્ડવેર, રંગ, કાપડ, ઈલેક્ટ્રોનિક્સ, હોજીયરી વગેરેની ઘણી દુકાનો આવેલ છે. જેમાં જુદી જુદી ચીજવસ્તુઓનું છૂટક વેચાણ થતુ હોય છે. આવી દુકાનોમાં ગ્રાહકો જરૂરિયાત મુજબ ચીજવસ્તુઓની ખરીદી કરે છે. પરંતુ મોટાભાગના દુકાનદારો ગ્રાહકોને ખરીદેલ ચીજવસ્તુના પાકા બિલો આપતા નથી અને ફક્ત સાદા કાગળ પર ભાવ બિલો નહીં આપીને ગ્રાહકોને માલની ખરીદી અંગેના પાકા બિલો નહી આપીને ગ્રાહકોના અધિકાર પર તરાપ મારી રહ્યા છે, તેવી લોકબૂમરાણ ઉઠવા પામી છે.

કહે છે કે, મોટાભાગના દુકાનદારો વેટથી બચવા માટે ગ્રાહકને પાકુ બિલ આપતા નથી. વાસ્તવમાં વેટની કરચોરી કરીને ગ્રાહકો પાસેથી ઉંચા દામ પડાવે છે. તેવું ચર્ચાય છે. ઊંઝા શહેરમાં વેટની વેચાણવેરા અને વ્યવસાયવેરાની સરકારી કચેરી આવેલ છે. પરંતુ આ કચેરીના કેટલાક કથિતભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓના ખિસ્સા ગરમ થતા હોઈ તેઓ દ્વારા ગ્રાહકોને બિલ અપાય છે કે કેમ ? એ અંગે દુકાનો પર કોઈ જ તપાસ થતી નથી કે કાયદાકીય કોઈ પગલાં ભરવામાં આવતા નથી. પરિણામે દુકાનદારોને ગ્રાહકો પાસેથી ઉંચા ભાવ પડાવવાની ફાવટ આવી ગઈ છે. આમાં સરવાળે ગ્રાહકોને જ નુકશાન થઈ રહ્યું છે. આ બાબતે રાજ્યના વેટ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સત્વરે અત્રે તપાસ કરી ગ્રાહકોને પાકા બિલો ન આપનાર દુકાનદારો સામે કડક પગલા ભરવા જોઈએ તેવુ લોકોમાં બોલાય છે.

ઊંઝામાં સગીરાને ભગાડી જવાના કિસ્સામાં નોંધપાત્ર વધારો

ઊંઝા, તા. ૯

ઊંઝા વિસ્તારમાં હમણાંથી સગીર વયની દીકરીઓને લગ્ન કરવાના ઈરાદે ભગાડી જવાના કિસ્સાઓ દિનપ્રતિદિન વધી રહ્યા હોઈ લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પેદા થઈ છે.

ઊંઝા નજીકના વણાગલા અને તાલુકાના કરલી બે ગામેથી બે સગીરાઓનું અપહરણ થયું હતું. બાદ તાલુકાના કહોડા ગામેથી એક સગીરાનું અપહરણ કરીને તેણી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ ગંભીર પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓને પોલીસ પકડી શકી નથી. ત્યાં ઊંઝા તાલુકાના દાસજ ગામે રહેતા એક મજૂરીવર્ગના પરિવારની સગીરવયની દિકરીને ગામનો જ સંજયજી કરશનજી ઠાકોર નામનો શખ્સ લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવીને ક્યાંક ભગાડી ગયો હોવાનો બનાવ બનેલ છે. આ બનાવ અંગે સગીરાની માતાની ફરિયાદના આધારે પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર તાલુકાના જગાણા ગામમાં જગાણીયા રાવલ પરિવાર દ્વારા મહાગૌરી માતાજીનો ધામધૂમથી પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તાજેતરમાં પાલનપુર તાલુકામાં જગાણા ગામમાં આવેલા મહાગૌરી માતાજીનો ચોથો પાટોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. પાટોત્સવમાં હવન, નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેના યજમાન તરીકે હિંમતલાલ રાવલ, સુરેશભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જગાણીયા પરીવાર દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનું ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ બાબુલાલ રાવલ, મહામંત્રી અમૃતલાલ રાવલ તેમજ રતિલાલ રાવલ, વિજેન્દ્રભાઈ રાવલ, કાન્તિલાલ રાવલ, હસમુખ રાવલ, સિંધી સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિ બંધુઓ ઉપસ્થિત રહ્યા હતાં.

મોડાસામાં શબ્દ સેતુ સંસ્થા દ્વારા સર્જક મિલન યોજાયું

મુલોજ, તા.૯

સામાજિક સંવાદિતા અને સદભાવનાને વરેલી મોડાસાની શબ્દ સેતુ સંસ્થાના ઉપક્રમે નવરચિત અરવલ્લી જિલ્લાના કલેકટર બી.જે. ભટ્ટની અધ્યક્ષતામાં સર્જક મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોડાસમાં સાહિત્યીક પ્રવૃત્તિ કરતી શબ્દ સેતુ સંસ્થાના આ સર્જક મિલન કાર્યક્રમની કોલેજ કેળવણી મંડળના પ્રમુખ અરૂણ શાહ અને સંસ્થાના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથારે શરૂઆત કરાવી હતી અને પ્રાસંગિક ઉદબોધન કર્યુંહતું. સુભાષ શાહ, સુરેશ ત્રિવેદી, નિલેશ જોષી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં અરવિંદભાઈ ગજ્જર, દાઉદભાઈ, સલીમ શેખ, ડૉ.જિજ્ઞેશ સુથાર, સંતોષ દેવકર, હેમંત વણકર, ડૉ.પીનાકીન પંડયા, એ.કે. પટેલ, કે. ચંદ્રરાવ, કનુભાઈ પટેલ વગેરેએ પોતપોતાની રચનાઓ રજૂ કરી હતી અને તમામ સર્જકોના પ્રકાશિત થયેલા પુસ્તકો જિલ્લા કલેકટરને અર્પણ કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. સંતોષ દેવકરે કરી હતી.

વિસનગરમાંથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ૧૨ સટ્ટોડીયા ઝડપાયા

મહેસાણા, તા. ૯

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે ખજૂરી મહોલ્લામાં જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી ક્રિકેટમેચ પર સટ્ટો ખેલતા એક ડઝન શખ્સોને ઝડપી લઈ સ્થળ પરથી રૂપિયા ૪૪૬૧૦ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વિસનગર શહેરના કડા દરવાજા વિસ્તારમાં આવેલ ખજૂરી મહોલ્લામાં ક્રિકેટમેચ આધારિત સટ્ટો રમાતો હોવાની મળેલ બાતમીના આધારે મહેસાણા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના અધિકારીએ સ્ટાફ સાથે રાતના સમયે અચાનક દરોડો પાડયો હતો. જેમાં આઈ.પી.એલ.ની કિંગ્સ ઈલેવન પંજાબ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ રહેલ ક્રિકેટ મેચ પર સટ્ટો ખેલતા બાર ઈસમો ઝડપાઈ ગયા હતા. પોલીસે આ સ્થળેથી રૂપિયા ૨૮૧૦૦ની રોકડ રકમ, બાર મોબાઈલ, રંગીન ટી.વી. તેમજ અન્ય સાધનો મળી કુલ ૪૪૬૧૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી બાર ઈસમો વિરૂદ્ધ વિસનગર પોલીસમથકે જુગારધારા અન્વયે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ આરંભી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મહેસાણા જિલ્લાના મુખ્યમથક મહેસાણા, ઊંઝા, વિસનગર, વિજાપુર શહેરોમાં છેલ્લા ઘણા વખતથી ક્રિકેટમેચ આધારિત ધૂમ સટ્ટો ખેલાતો હોવાનું ચર્ચાય છે. પોલીસતંત્ર દ્વારા અવારનવાર દરોડા પડાય છે. પરંતુ કથિત હપ્તાખોરીના લીધે સટ્ટોડીયા અને પોલીસની સાંઠગાંઠને કારણે જુગારની આ બદી સંપૂર્ણપણે નેસ્ત નાબૂદ થતી નથી તેવું પ્રજામાં બોલાય છે.

ઊંઝાથી જીરૂ ભરેલી ટ્રક છેતરીને લઈ જનાર બે ઝડપાયા

ઊંઝા, તા.૯

વેપારી મથક ઊંઝાથી ૧૮૫ બોરી જીરૂ ભરીને નીકળેલ ટ્રક નિયત સ્થળે ન પહોંચતા સ્થાનિક ટ્રાન્સપોર્ટ કંપનીના સંચાલકે ઊંઝા પોલીસ મથકે ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ચોલારી ગામના ગોકળભાઈ હરીભાઈ અને શામજીભાઈ હરીભાઈને પકડી પાડી સઘન પુછપરછ કરતાં જીરૂનો માલ તબેલામાં છુપાવ્યો હોવાની હકિકત મળી હતી. જેથી પોલીસે જીરાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને ઉપરોક્ત બે ઈસમોને ઊંઝા લાવી વધુ તપાસ આરંભી છે.

તાજેતરમાં ઊંઝા ખાતે તિરૂપતિ માર્કેટમાં આવેલ ગજાનંદ ટ્રેડીંગ કંપનીએ સ્થાનિક ટ્રાન્સપોર્ટ કંપની મારફ્તે કચ્છની ટ્રકમાં રૂપિયા દશ લાખ અડસઠ હજારની કિંમતનો મત્તાની જીરૂ ભરેલ ૧૮૫ બોરીનો જથ્થો કચ્છના મુંદ્રા મોકલવા માટે ભરાવ્યો હતો. આ જથ્થો લઈને ટ્રક કચ્છ જવા નીકળી હતી. પરંતુ નિયત સ્થળે માલ ન પહોંચતાં ટ્રાન્સપોર્ટ કંપનીના સંચાલકે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ આપી હતી. જેની પોલીસે ઠગાઈનો ગુનો નોંધી તપાસ હાથ ધરી કચ્છના ભચાઉ તાલુકાના ચોબારી ગામના બે ઈસમોને ઝડપી લઈ જીરૂનો માલ કબજે કર્યો હતો.

મતગણતરીના દિવસે ટ્રાફિક નિયમન માટે ડાયવર્ઝન અપાયું

મહેસાણા, તા.૯

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪ અન્વયે ૧૬ મે ૨૦૧૪ને બુધવારના રોજ મતણતરી જિલ્લામાં રાજગર-હેડવા ખાતે સુવિધા સંકુલમાં થનાર છે. મતગણતરી દરમિયાન ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે સારૂ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે. પટેલે ડાયવર્ઝન આપેલ છે. જેમાં મતગણતરીના દિવસે સવારે ૬-૦૦ કલાકથી ૨૦-૦૦ કલાક દરમિયાન ડાયવર્ઝનનું પાલન કરવા આદેશ કર્યો છે. મહેસાણા-વિજાપુર-અમદાવાદ તરફથી આવતા બેચરાજી તરફ જતા ભારે વાહનો મોઢેરા ચાર રસ્તાથી પ્રવેશ કરી મોઢેરા થઈ બહુચરાજી જશે, વિરમગામ-બહુચરાજી તરફથી મહેસાણા તરફ આવતાં ભાર વાહનો બહુચરાજીથી મીઠા થઈ મોટપ ચોકડી થઈ મહેસાણા તરફ જશે. આ જાહેરનામું ૧૬-૫-૨૦૧૪ના દિવસે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર કે કરાવનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જણાવાયું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન